ગુજરાતમિત્ર

## ગતિવિધિ

## MSUમાં ડ્રામા એન્ડ આર્ટ ઇન એજ્યુકેશનના પ્રોજેક્ટ અંતર્ગત પ્રદર્શન યોજાયું



વડોદરા : મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન ડ્રામા એન્ડ આર્ટ ઈન એજ્યુકેશનના પ્રોજેક્ટ અંતર્ગત સેમિનાર હોલ ખાતે પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં બીએડ સેમિસ્ટર 2ના વિદ્યાર્થીઓ દ્વારા ઘણા પ્રકારના આર્ટસનું પ્રદર્શન થયું હતું. જેમાં વર્લી આર્ટ, કેલિગ્રાફી, ગ્લાસ પેઈન્ટિંગ, કેલેન્ડર ચાર્ટ, વેસ્ટ આઉટ ઓફ બેસ્ટ, મધુબની પેઈન્ટિંગ, હેગીંગ વોલ , પેન સ્ટેન્ડ, મોનોગ્રાફ અને વિવિધ પ્રકારના ઘણા આર્ટ એન્ડ ક્રાફ્ટનું પ્રદર્શન થયું હતું. જ્યાં ફેકલ્ટીના ડીન આશુતોષ અગ્રવાલ સતીશ પાઠક ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે આ પ્રોજેક્ટમાં સ્ટોરી ટેલિંગના વિડીયોગ્રાફી, ફિલ્મી, સીડી કવર ડિઝાઈન જેવા પણ ઘણા ક્રિએટિવ વર્કનું આયોજન થયું હતું. જ્યારે આયોજનના સંયોજક સતીશ પાઠક, હેમલ મેડમ, પ્રીતિ સકશેના અને શ્રી સત્યજિત બરાલ દ્વારા માર્ગદર્શન અપાયું હતું.

## 'દેશ કા સ્વાભિમાન, મેરા મતદાન ઈવેન્ટ' વડોદરાના યુવાનોમાં મતદાર જાગૃતિ ફેલાવી



વડોદરા : વાણિજ્ય ફેકલ્ટી, સિસ્ટમેટિક વોટર એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન (SVEEP) ના સહયોગથી વડોદરામાં દેશ કા સ્વાભિમાન, મેરા મતદાનનું ગૌરવપૂર્વક આયોજન કર્યું હતું. દરેક નાગરિકને, ખાસ કરીને ભારતના યુવા દિમાગને, લોકશાહી પ્રક્રિયામાં સક્રિય સહભાગીઓ તરીકેની તેમની ભૂમિકા સ્વીકારવા અને મતદાન કરવાના તેમના બંધારણીય અધિકારનું પ્રદર્શન કરવા માટે શિક્ષિત કરવા, જોડવા સશક્ત કરવા માટે મતદાર જાગૃતિ આ પહેલને પ્રોત્સાહન આપવાનો હેતુ હતો. વાણિજ્ય ફેકલ્ટી, સિસ્ટમેટિક વોટર એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશનના સહયોગથી, યુવાનોને મતદાનના મહત્વ અને રાષ્ટ્રના ભવિષ્યને ઘડવામાં તેમની ભૂમિકા વિશે સશક્તિકરણ અને શિક્ષિત કરવાના હેતુથી દેશ કા સ્વાભિમાન, મેરા મતદાનનું કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં ઉપસ્થિત મહાનુભાવોએ લોકશાહીને મજબૂત કરવા માટે મતદાર જાગૃતિના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો.

## ટેક્સો ગ્લોબલ ફાઉન્ડેશન દ્વારા શાળામાં 350 વિદ્યાર્થીને ચપ્પલ અને બેસવા માટે કાર્પેટ અપાઇ



વડોદરા : ટેક્સો ગ્લોબલ ફાઉન્ડેશન દ્વારા સંવાદ મીટિંગ યોજવામાં આવેલ હતી. જેમાં ગુજરાતની ચાર શાળાઓના પ્રિન્સિપાલ, શિક્ષકોને આમંત્રિત કરાયા હતા. મીટિંગમાં સંસ્થાના ટ્રસ્ટી કિન્નરીબેન હરિયાનીએ ટેક્સો ગ્લોબલ ફાઉન્ડેશનમાં મહિનામાં થયેલા પ્રોજેક્ટ્સ વિશે ચર્ચા કરી તેમજ એમના ભવિષ્યના પ્રોજેક્ટ્સની રૂપરેખા રજૂ કરી. મીટિંગમાં શાળાઓ જેમ કે ચેનપુર પ્રાથમિક શાળા, ઘાટી ફળિયા વર્ગ, મિરજાપુર પ્રાથમિક શાળા અને અભેત્વ પ્રાથમિક શાળાને આમંત્રિત કરાઈ હતી. ટેક્સો ફાઉન્ડેશન દ્વારા યોજાયેલ મીટિંગમાં ગરમીનો પારો વધવાથી બાળકોને ૨ થી ૪ કિલોમીટર વગર ચપ્પલે શાળામાં ચાલતા આવવું પડતું હોય છે. જેથી એમના 350થી વધુ વિદ્યાર્થીઓ માટે પહેરવા માટે સ્લીપર અને શાળાઓમાં 250થી વધુ બેસી શકે તેવી કાર્પેટ આપી હતી. રમવા માટે 400થી વધુ વિદ્યાર્થીઓ માટે રમકડાંની ટોય લાઈબ્રેરી આપી હતી. જેમાં ૨૬ જાતના ઈન્ટરેક્ટિવ રમતો જેના થકી ભૂગોળ, ગણિત, લોજીકલ રીસનિંગ શીખી શકે એવા ત્રણ સેટના રમકડાં આપ્યા હતા.

## આગામી વર્ષાઋતુ-૨૦૨૪ની પૂર્વ તૈયારીઓ અંગે કલેક્ટર કચેરી ખાતે મહત્વની બેઠક મળી



વડોદરા : આગામી ચોમાસાની ઋતુમાં સંભવિત પૂર, વાવાઝોડું, અતિવૃષ્ટિ જેવી કુદરતી આપત્તિઓને પહોંચી વળવા માટે વર્ષાઋતુ-૨૦૨૪ ની પૂર્વ તૈયારીના ભાગરૂપે નિવાસી અધિક કલેક્ટર ડો. બી. એસ. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી.જેમાં જિલ્લામાં ભારે વરસાદના કારણે સંપર્કવિહોણા થઈ જતા વિસ્તારોમાં જીવનજરૂરી ચીજવસ્તુઓનો પુરવઠો અગાઉથી પહોંચાડવા માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. તેમણે નર્મદા કાંઠાના ૧૮ અને મહી કાંઠાના ૧૩ સહિત કુલ ૩૧ ગામોમાં ચોમાસામાં સંભવિત પૂરની પરિસ્થિતિને પહોંચી વળવા અત્યારથી જ આપદામિત્રો અને તરવૈયાઓની અદ્યતન યાદી તૈયાર કરવા સાથે બચાવ રાહતના લાઈફ જેકેટ, લાઈફબોયા, બોટ જેવા સાધનો તૈયાર રાખવા જણાવ્યું હતું.

### લોકસભાની પ્રથમ ચૂંટણીમાં મતદાન કરનારા સોલિયાની પ્રથમ ચૂંટણી વખતે મતદાન કર્યું હતું

# ૧૧૮ વર્ષના ચંપાબા અને ૧૮ વર્ષની અનિતા પ્રથમ વાર એક સાથે મતાધિકારનો ઉપયોગ કરશે

**આઝાદી** બાદ ૧૯૫૧થી લઈને આજ સુધી જુજ મતદારોમાના સોલિયાની એક મહિલા મતદાર





(પ્રતિનિધી) ડેડીયાપાડા,તા-2 ડેડિયાપાડાના સાતપુડા તળેટીમાં આવેલું સોલિયા ગામના ચંપાબેન પારસિંગભાઇ વસાવાને જોતા એવું લાગે નહિ કે આ વૃધ્ધાની ઉંમર એક સદીને વટાવી ૧૧૮ વર્ષના થયા છે.૫૦થી વધુ સમૂહ પરિવાર ધરાવતા ચંપાબેન ચોથી પેઢીની પ્રપૌત્રી સાથે આ વખતે લોકસભા ચુંટણી મતદાન કરવા જવાના છે.દેશની આઝાદી બાદ ૧૯૫૧માં પહેલી લોકસભાની ચૂંટણીમાં મતદાન કર્યું હોય અને હાલમાં હયાત હોય એવા આખા ગુજરાતમાં આંગળીના વેઢે ગણાતા મતદારો પૈકીના એક મહિલા મતદાર છે.

ચંપાબેન વસાવાએ જીવનના અનેક તડકા છાંયા જોયા છે. એક જમાનો હતો કે જ્યારે તેઓ સોલિયાથી સાઈઠ કિલોમિટર દૂર આવેલા પોતાના પિયર ભરૂચ જિલ્લાના ઉમલ્લા ખાતે જવા માટે પગદંડીનો ઉપયોગ કરવો પડતો હતો. સવારે નીકળે એટલે સાંજના ટાણે પહોંચી જાય. જો કે આધેડ ઉંમર થવા છતાં આજે પણ તેઓ સારી રીતે ચાલી શકે છે. તેણી અભ્યાસ કર્યો નથી પણ અક્ષરજ્ઞાન આવડે છે. જેને કારણે પુત્રપૌત્રાદિના અભ્યાસમાં ભણાવ્યા છે.ચંપાબેન માટે નિત્યક્રમ અને આહારશૈલી પણ ખુબ રોચક છે. તેણીની બપોરે મકાઈ, બાજરાના રોટલા અને શાક અને સાંજે ખીચડી, દૂધ જેવો હળવો ખોરાક જમે છે.

તેમણે ખાંડેલું અને પથ્થરની ઘંટીમાં દળેલું અન્ન બહુ ખાધુ છે. સાંજે નવેક વાગ્યે તો તેઓ સૂઈ જાય છે અને વહેલી સવારે પાંચ વાગ્યે નિયમિત ઉઠી જાય છે.

### સાંભળવામાં થોડી તકલીફ છે બાકી હજુ સુધી તેમણે દવાખાનું પણ જોયું નથી

પરિવારજનોએ ચંપાબેનને પોસ્ટલ બેલેટથી મતદાન કરાવવાને બદલે બૂથ ઉપર મતદાન કરાવવા માટે લઇ જવાના છે. બીજી વાત એ કે, આ પરિવારની પુત્રી અનિતા પ્રથમ વખત મતદાન કરવાની છે. એટલે ૧૧૮ વર્ષના ચંપાબા અને ૧૮ વર્ષની અનિતા એક સાથે મતદાન કરશે.

### દરેકે મતદાન અવશ્ય કરવું જોઈએ

આજના સાંપ્રત સમયમાં મતદાનની જાગ્રતિ માટે આ બાબતે પુત્ર ઠાકોરભાઇ વસાવાને પૂછતા કહ્યું કે, અમારા પિતા પારસિંગભાઇ વસાવા સોલિયા ગામના અગ્રણી અને સેવાભાવી વ્યક્તિ હતા. વિક્રમ સંવંત ૧૯૫૬ ના ભીષણ દુષ્કાળ દરમિયાન રાજપીપળાથી અનાજ લાવીને ગામમાં વિતરણ કર્યું હતું. પારસિંગભાઇએ અનેક ઉત્સવોની સામુહિક ઉજવણીની પરંપરા ગામમાં શરૂ કરી હતી. એટલે લોકશાહી પ્રત્યે નાગરિક તરીકેની જવાબદારી ગળથુંથીમાં મળી છે. અમે તમામ ચૂંટણીમાં મતદાન કરવા માટે જઇએ છીએ અને ચંપાબાને પણ લેતા જઇએ છીએ.

### ક્ષત્રિયો-પોલીસ વચ્ચે ભારે ખેંચતાણ!

# ભરૂચની ક્ષત્રાણીઓનો હૂંકાર, રૂપાલાને ચૂંટણી નહીં લડવા દઈએ

**પરસોત્તમ** રૂપાલાએ રજવાડા લઈને આપેલા વિવાદિત નિવેદનને લઈને તેના પડઘા સમગ્ર ગુજરાતમાં દેખાયા

**કલેક્ટર** ધાંધલને આવેદન આપી રૂપાલાની ટિકિટ રદ્દ કરવાની માંગ સાથે સૂત્રોચ્ચાર કરાયાં

(પ્રતિનિધી) ભરૂચ,તા-2 મંગળવારે ભરૂચ ખાતે ભાજપના દિગ્ગજ નેતા અને કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલાના વિરોધમાં ભરૂચ રાજપૂત ક્ષત્રિયોએ મોટી સંખ્યામાં કલેક્ટર કચેરી ખાતે એકત્ર થઈ પ્રચંડ વિરોધ નોધાવી આવેદનપત્ર આપ્યું હતું.જોકે રૂપાલાના પૂતળા દહન કરવા જતાં પોલીસ અને આગેવાનો વચ્ચે ખેંચતાણના દ્રશ્યો પણ સર્જાયા હતાં. મંગળવારે ભરૂચ જિલ્લા રાજપૂત સમાજના આગેવાનો અને સમાજના ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં પ્રથમ રાજપૂત છાત્રાલય ખાતે એકત્ર થઈને કલેકટર કચેરી ખાતે પહોંચ્યા હતા.જ્યાં જિલ્લા નિવાસી કલેકટર એન.એમ.ધાંધલને આવેદનપત્ર આપીને રૂપાલાની ટિકિટ રદ્દ કરવાની માંગ સાથે ગગનભેદી સૂત્રોચ્ચાર કરીને વાતાવરણ ગજવી મૂક્યું હતું.જ્યારે સમાજ દ્વારા રૂપાલાના પૂતળાનું દહન કરવા જતાં પોલીસે જોઈ જતાં પીઆઈ સહિતના અધિકારી અને આગેવાનોમાં દોડધામ સાથે પૂતળાની ખેંચતાણના દ્રશ્યો પણ સર્જાયા હતાં. જોકે પોલીસે પૂતળાને પોતાના કબ્જામાં લઈને પૂતળા દહનના કાર્યક્રમને નિષ્ફળ બનાવ્યો હતો.આવેદનપત્ર આપતી વખતે સંદિપ માંગરોલા,પરિમલસિંહ રણા, ઓમકારસિંહ મહારાઉલ સહીત ભરૂચ રાજપૂત સમાજના વિવિધ સંગઠનોના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય એ છે કે ભાજપના દિગ્ગજ નેતા અને કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા સામે ભરૂચ જિલ્લા સહીત સમગ્ર ગુજરાતમાં ક્ષત્રિયો સમાજ દ્વારા જબરદસ્ત વિરોધ કરાઈ રહ્યો છે.

રાજ્યમાં ઠેર ઠેર રૂપાલાનો રાજપૂત સમાજ દ્વારા વિરોધ નોંધવાઈ રહ્યો છે. જેમાં ક્ષત્રિય સમાજ રાજકોટ બેઠક પરથી તેમની ટિકીટ રદ્દ કરવાની માંગ પણ અડગ છે. પરસોત્તમ રૂપાલાએ રજવાડા લઈને આપેલા વિવાદિત નિવેદનને લઈને તેના પડઘા સમગ્ર ગુજરાતમાં દેખાઈ રહ્યા છે.

### કસ્ટોડીયન કમિટી અને ઇન્ચાર્જ એમ.ડીએ રાજીનામું ધરી દેવા માંગ

# શેરડીના ભાવ તદ્દન ઓછા પડતા સભાસદો આકરાપાણીએ

**ચાલુ વર્ષે** સુગરમાં ૬૬ હજાર ખાંડના દાગીના ઓછા બનતા ૧૯.૮૦ કરોડ રૂપિયાનું નુકસાન સભાસદના માથેનો આક્ષેપ

**સભાસદો** પોતાની રજૂઆત કરી ગયા. કસ્ટોડીયન કમિટીની ઉપસ્થિતિમાં હિસાબ જોવો હોય તો જોઈ શકે છે: ગણેશ સુગરના ઇન્ચાર્જ એમડી અમરસિંહ રણા



(પ્રતિનિધી) ભરૂચ,તા-2 ચાલુ વર્ષે ગણેશ સુગરના ૬૬ હજાર ખાંડના દાગીના ઓછા બન્યા. એક દાગીના રૂ.૩૦૦૦/- ભાવ પ્રમાણે કુલ ૧૯.૮૦ કરોડ રૂપિયાનું નુકસાન સુગરના સભાસદને ગયું છે.ત્યારે શેરડીના ભાવો ઓછા પાડીને સભાસદોના ગજવું ખાલી કરી દીધું હોવાનો સીધો આક્ષેપ કર્યો છે.શેરડીના ભાવો પાડ્યા બાદ આ શબ્દો મંગળવારે ગણેશ સુગર ફેકટરીમાં કિશાન સંઘે નારાજ ખેડૂતો આકરાપાણીએ જઈને શેરડીના ભાવમાં સુધારો ન કરો તો કસ્ટોડીયન કમિટી અને ઈન્ચાર્જ એમ.ડીએ રાજીનામું ધરી દેવાની જલદ માંગ કરી છે.

ગણેશ સુગર ફેકટરીનો દક્ષિણ ગુજરાતમાં છેલ્લેથી બીજા નંબરે શેરડીનો ભાવ પડતા સભાસદો રઘવાયા બની ગયા છે.મંગળવારે કિશાન સંઘના લેટર હેડ પર વિભાગીય પ્રમુખ નટવરસિંહ સોલંકી,દેવુભા કાઠી,વિજય વસાવા સહીતના સભાસદો સાથે ગણેશ સુગરના કસ્ટોડીયન કમિટીને મળવા માટે પહોચ્યા હતા.એ વખતે માત્ર કસ્ટોડીયન કમિટીના માત્ર નીલેશભાઈ પટેલ સહીત વહીવટી સ્ટાફને મળીને ખેડૂતની વેદના વ્યક્ત કરી હતી.સાથે જ લેખિતમાં આવેદનપત્રમાં જણાવ્યું હતું કે છેલ્લા ૩ વર્ષ પર અગાઉના વહીવટકર્તાએ અણઘડ વહીવટને કારણે સભાસદોએ નુકસાન વેઠયું એ જગ જાહેર છે.ત્યારબાદ કસ્ટોડીયન કમિટી બેસાડતા સારો વહીવટ થાય એ સૌને આશા હતી.જો કે આ ચાલુ વર્ષે દક્ષિણ ગુજરાતમાં મોટેભાગે સુગરોએ ગયા વર્ષની સરખામણીમાં શેરડીના ટનદીઠ લગભગ ૧૦૦થી લઈને ૨૦૦/-નો વધારે ચૂકવ્યા છે.જ્યારે કમનસીબે માત્ર ગણેશ સુગરે ગયા વર્ષ કરતા ટનદીઠ રૂ.૫૦/- ઓછા આપીને ખેડૂતો પર નિરાશા જન્માવી દીધી છે. વધુમાં લેખિતમાં જણાવ્યું હતું કે કસ્ટોડીયન કમિટી ગામેગામ જઈને પારદર્શક વહીવટના બણગાં ફૂક્વાનો આક્ષેપ કર્યો હતો. બળદગાડા,હાર્ડવેસ્ટર,મજુરો વધુ હોવાથી આ વખતે માત્ર ૧૩૦૦૦ ટન શેરડીનું પીલાણ કર્યું છે.જેને લઈને સભાસદોના માથે ૪-૫ કરોડ રૂપિયાનો બોજો પડ્યો છે.આ વખતે વર્ષ-૨૦૨૩-૨૦૨૪ની સીઝનમાં શેરડીના ભાવો પર વિચારના કરીને તેમાં વધારો કરવા માટે માંગ કરી છે.જો ભાવમાં કોઈ ફેરફાર ન કરવા માંગતા હોય તો કસ્ટોડીયન કમિટી તેમજ ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટરે રાજીનામું ધરી દેવા માંગ કરી છે.

આ મુદ્દે ગણેશ સુગરના ઈન્ચાર્જ એમ.ડી.અમરસિંહ રણાએ ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યું હતું કે સુગરના સભાસદો પોતાની રજૂઆત કરી ગયા છે.આવેલા સભાસદો કસ્ટોડીયન કમિટીની ઉપસ્થિતિમાં હિસાબ જોવો હોય તો જોઈ શકે છે.

### શહેર જિલ્લામાં ચૂંટણી ખર્ચ દેખરેખ નિયંત્રણ

# ચૂંટણીમાં નાગરિકો માટે ફરિયાદ સમિતિની રચના

**લોકો અને** સાચી વ્યક્તિઓને અગવડ ન પડે તે હેતુસર આયોજન કરાયું

(પ્રતિનિધી) વડોદરા, તા.2 વડોદરા બેઠકની લોકસભા સામાન્ય ચૂંટણી અને વાઘોડીયા વિધાનસભા મત વિભાગનો પેટા ચૂંટણી તા.૦૭.૦૫.૨૦૨૪ના રોજ યોજાનાર છે. ચૂંટણી કામગીરી દરમ્યાન લોકો અને સાચી વ્યકિતઓને અગવડ ન પડે તે હેતુસર અને તેમની ફરીયાદો હોય તો તેના નિવારણ માટે ભારતના ચૂંટણી પંચે ચૂંટણી ખર્ચ પર દેખરેખ નિયંત્રણ અંગે જિલ્લા ફરિયાદ સમિતિની રચના કરવા જણાવેલ છે.

જેના ભાગરૂપે વડોદરા શહેર જિલ્લામાં ચૂંટણી ખર્ચ દેખરેખ નિયંત્રણના નોડલ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી મમતા હિરપરા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક અને જિલ્લા તિજોરી અધિકારી સહિત ત્રણ સભ્યોની એક સમિતિની જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા રચના કરવામાં આવી છે.

ચૂંટણી દરમ્યાન સાચી વ્યક્તિઓ અને જનતાને અસુવિધા ટાળવા માટે તેમજ જો કોઈ ફરિયાદો હોય તો તેના નિવારણ માટે જિલ્લા કન્વીનર કચેરી ખાતે ટેલિફોન નં.0265-2432027 ઉપર કચેરી સમય દરમ્યાન જ્યારે 0265-2993700,2993701,2993702 નંબર ઉપર ૨૪*૭ ફરિયાદ કરી શકાશે. ચૂંટણી જાહેર થતાં આદર્શ આચાર સંહિતા અમલી બનાવવા આવી છે. ચૂંટણી દરમ્યાન પોલીસ, SST અથવા FST દ્વારા કરવામાં આવેલા જપ્તીના દરેક કેસની જાતે તપાસ કરશે.

## અંકલેશ્વરમાં ઓવર બ્રિજમાં વાહન ફસાયું

(પ્રતિનિધી) અંકલેશ્વર તા.2 અંકલેશ્વર નજીક હાઈવે પર નિલેશ ચોકડી પાસેના ઓવર બ્રિજમાં પુનાથી અમદાવાદ લઈ જવાતુ વિશાળકાય વાહન ફસાઈ જતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. અંકલેશ્વર નેશનલ હાઈવે ઉપર આવેલ નીલેશ ચોકડી પાસેના ઓવર બ્રિજમાં અનેકવાર મોટા વાહનો પસાર થતી વેળા ફસાઈ જતા હોવાની ભૂતકાળમાં અનેક ઘટનાઓ સામે આવી હતી ત્યારે મંગળવારે પુનાથી અમદાવાદ જતી વેળા વિશાળકાય વાહન ઉપર ગેસ કન્ટેનર મશીનનો કેટલોક ભાગ બ્રિજની વચ્ચો વચ્ચ ફસાય જતા ભારે ટ્રાફિક પ્રભાવીત થયો હતો.

## રાજપીપળા રાજવી પરિવારના મહારાણીએ કહ્યું રાજકોટમાં રૂપાલાને ટીકીટ રદ્દ કરો

(પ્રતિનિધી) ભરૂચ,તા-2 પરસોત્તમ રૂપાલાએ ક્ષત્રાણીની વિરુદ્ધમાં વાણીવિલાસ કરવાના મુદ્દે રાજપીપળા રાજવી પરિવારના



મહારાણી રૂક્ષમણીદેવીએ ક્ષત્રાણીના સમર્થનમાં જણાવ્યું હતું કે રાજપૂત સમાજની વિરૂદ્ધમાં ભૂલ કરે એને માફી નહિ પણ સજા કરતા હોય છે.આ મુદ્દે ક્ષત્રિય સમાજ સજાગ થયો એને મારું સમર્થન છે.

મહારાણી રૂક્ષમણીદેવીએ રાજકોટના ઉમેદવાર સામે ભારોભાર નારાજગી વ્યક્ત કરીને જણાવ્યું હતું કે રૂપાલાએ ખાલી માફી માંગવાથી થોડું ચાલે. રૂપાલાને ટીકીટ આપીને ખોટું કર્યું છે. રૂપાલાની વિચારધારા જ ખરાબ છે એ વિચારધારા બદલી જોઈએ. રૂપાલાને રાજકોટ બેઠક પર બદલીને નવા ઉમેદવાર મુકવામાં આવે એવી રાજપીપળા રાજવી પરિવારના મહારાણીની બુલંદ માંગ છે.

## પોલીસની નોંધણી વગર મકાન ભાડે આપતાં જિલ્લામાં ૧૪ મકાન માલિકો સામે ગુનો દાખલ

(પ્રતિનિધી) ભરૂચ,તા-2 ભરૂચ SOG પોલીસે જિલ્લામાં લોકસભા સામાન્ય ચુંટણી ટાણે ભાડુઆતની પોલીસ નોંધણી નહિ કરાવી જાહેરનામા ભંગના કુલ-૧૪ ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.પોલીસની કાર્યવાહીથી ભાડુઆતની નોંધણી નહિ કરાવનાર મકાન માલિકોમાં સળવળાટ ફેલાઈ ગયો છે. ભરૂચ જિલ્લામાં અમુક ગુનેગાર તત્વો શહેરોના અમુક વિસ્તારમાં ભાડેથી મકાનો દુકાનો ભાડે રાખી શહેરનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિનો ચીત્તાર મેળવી અસામાજીક પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે.અધિક જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનું ચુસ્ત પણે પાલન થાય તે હેતુથી ભરૂચ SOGના PI એ.એ.ચૌધરી તેમજ એમ.વી. તડવીની સૂચનાને પગલે સ્ટાફ તેની કામગીરી કરવા પેટ્રોલિંગમાં હતો.તે દરમિયાન અલગ અલગ પોલીસ મથકની હદમાં મકાનો,દુકાનો ભાડે આપી મકાન,દુકાન ભાડે આપી આ અંગે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ભાડુઆત અંગેની આઈડી પ્રૂફ,પુરાવા લઈને નોંધણી નહી કરનાર મકાન માલિકો સામે કડક પગલાં ભરવામાં આવ્યા હતા.


**આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.**

(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ હતી અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) સીઆઈએનઃ L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસઃ કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરીંગટોન રોડ, ચેટપેટ, ચેન્નઈ-600031.
ટેલિફોનઃ 91-44-45644000, ફેક્સઃ 91-44-45644022

IDFC FIRST Bank

**સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ એક્ટ 2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ**

નીચે ઉલ્લેખીત ઋણ લેનાર અને સહ-ઋણ લેનારે નીચે ઉલ્લેખીત સિક્યોર્ડ લોન આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ હતી અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) પાસે લીધું હતું. નીચે ઉલ્લેખીત ઋણ લેનાર અને સહ-ઋણ લેનારનું ઋણ તેમની મિલ્કતને ગીરે મૂકીને સિક્યોર્ડ છે. તેઓ ઋણની સમજૂતીના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હતા અને અનિયમિત બન્યા હતા, તેમનું ઋણ આરબીઆઈના દિશાનિર્દેશ મુજબ એનપીએ તરીકે વર્ગીકૃત કરાઈ છે . તેમના દ્વારા આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ને (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ હતી અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) આપવાની બાકી રકમનો ઉલ્લેખ નીચેના કોષ્ટકમાં વધુ ખાસ રીતે વર્ણવેલ સંબંધિત નોટિસો મુજબ કરવામાં આવ્યો છે અને આ રકમ પર વધુ વ્યાજ પણ લાગુ થશે અને તે તેમની સંબંધિત તારીખોથી પ્રભાવિત કરારના દર મુજબ વસૂલવામાં આવશે.

| ક્રમ સંખ્યા | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | ઋણ લેનાર અને સહ ઋણ લેનારનું નામ | કલમ 13 (2) નોટિસ મુજબ | કલમ 13 (2) હેઠળની નોટીસની તારીખ | મિલ્કતનું સરનામું |
| --- | --- | --- | --- | --- | --- | --- |
| 1 | 17311166 | મિલકતની સામે લોન | 1. જય જલારામ મુખવાસ 2. દમયંતીબેન અઢિયા 3. ઉમંગભાઈ અમૃતલાલ ઠક્કર | 23.03.2024 | રૂપિયા 86,68,132.95/- | બિન કૃષિ પ્લોટ મિલકતના તમામ ભાગ, આ જમીન સ્થિત છે મોજે જેતલપુર, વડોદરા, જમીનનો આર એસ નં. 173-2, પૈકી સી એસ નં. 2210, પૈકી, ટી પી નં. 14, એફ પી નં. 16, જે 'નીલગીરી ટેરેસ' તરીકે જાણીતી છે પૈકી ફર્સ્ટ ફલોર, ફલેટ નં. 4, બાંધકામનું ક્ષેત્રફળ 156.13 ચોરસ મીટર, જે 1680 ચોરસ ફીટ થાય છે, રજિસ્ટ્રેશન ઉપ-જિલ્લો વડોદરા અને જિલ્લો વડોદરા, ગુજરાત-390021. સીમાઓઃ પૂર્વઃ સોસાયટી રોડ, પશ્ચિમઃ માર્ગ, ઉત્તરઃ ગોત્રી રોડ, દક્ષિણઃ ફ્લેટ નં. 3. |

તમને આથી આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ રકમ સાથે કરાર મુજબના વ્યાજ દર અને અન્ય ખર્ચ, ચાર્જ વગેરે સાથે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ને (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ હતી અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) ચૂકવવાનું કહેવામાં આવે છે. જેમાં નિષ્ફળ જવા પર નીચે સહી કરનાર, આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ની (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ હતી અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) બાકી રકમની વસૂલાત કરવા માટે ઉપરોક્ત ગીરો મૂકેલી મિલકતો સામે SARFAESI એક્ટની કલમ 13 (4) અને કલમ 14 હેઠળ કાર્યવાહી શરૂ કરવા માટે મજબૂર થશે. વધુમાં તમને કાયદા હેઠળ આ સુરક્ષિત અસ્કયામતોને વેચાણ/લીઝ દ્વારા અથવા અન્યથા હસ્તાંતરિત કરવા પર પ્રતિબંધ છે.

સહી-
અધિકૃત અધિકારી

તારીખઃ 3-4-2024
સ્થળઃ વડોદરા

આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ હતી અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે)



વડોદરા મહાનગર પાલિકા
www.vmc.gov.in
રસ્તા અંગેની અગત્યની જાહેરાત

આથી જાહેર જનતાને જણાવવાનું કે, પાણી-પુરવઠા શાખા દ્વારા શહેરના ઉત્તર ઝોન વિસ્તારમાં આવેલ હયાત લાલબાગ પાણીની ઊંચી ટાંકી જર્જરીત હોઇ સદર હયાત જર્જરીત જુની ટાંકીને ઉતારવાની કામગીરી કેટરપીલર મશીન/કોંક્રિટ ક્રશર મશીન દ્વારા શરૂ કરવાનુ આયોજન હોઇ સદર કામગીરીને કારણે તથા નાગરિકોની સલામતીને ધ્યાને લઇ સદર રસ્તો કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી કાશીવિશ્વનાથ મંદિર થી લાલબાગ બ્રીજ જતા ડાબી બાજુનો સર્વિસ રોડ લાલબાગ ટાંકી ખાતે આવેલ ટ્રાન્સફોર્મર રૂમના ગેટ સુધી બંધ કરી તેના વિકલ્પ સ્વરૂપે ટ્રાન્સફોર્મર રૂમ ની સામે બ્રીજની નીચેથી જમણી તરફ સર્વિસ રોડ ડાયવર્ટ કરવામાં આવશે. જે જાણમાં લઇ સદર વિસ્તારના નાગરીકોને અવર-જવર માટે આજુ-બાજુનો વૈકલ્પીક રસ્તો ઉપયોગમાં લઇ કામગીરીમાં સહકાર આપવા વિનંતી છે.

પી.આર.ઓ.નં. ૦૧ /૨૪-૨૫ કાર્યપાલક ઇજનેર (પા.પુ.પ્રોજેક્ટ)



**ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ અંગેની જાહેર નોટીશ**

આથી જાહેર નોટીશથી જાહેર જનતાને જણાવવાનું મહિસાગર ડિસ્ટ્રીકટ, ખાનપુર સબડિસ્ટ્રીકટ મોજે ગામ **પાંડરવાડા, બ્લોક/સર્વે નં-૮૧૭/પૈકી ૧ વાળી જમીન, જેનું કુલ ક્ષેત્રફળ ૧-૨૯-૫૭ હે.આરે.ચો.મી. છે. તથા આકાર ૧.૦૨ રૂ. વાળી ખુલ્લી જમીન** તથા તે જમીન ઉપર આવેલ તમામ ઝાડ, બિડ સહિતની જમીનના હાલના માલીક, મુખત્યાર તથા કબજા ભોગવટેદાર **ડામોર વનરાજ પુનમચંદ** ચાલી આવેલ છે. સદરહુ જમીનના માલીકોએ મજકુર જમીનના ટાઈટલ્સ ચોખ્ખા અને માર્કેટબલ હોવાનુ જણાવી તેમની જરૂરીયાત માટે અમારી પાસે મજકુર જમીન અંગેના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. આથી મજકુર જમીનમાં કોઈનો કોઈ પણ જાતનો હકક, હિત કે હિસ્સો, લાગભાગ, દર-દાવો યા ઈઝમેન્ટ, ખોરાકી કે ભરણપોષણ વિગેરેના હકકો હોય તથા જો કોઈ પણ વ્યકિતનો ગુજરાત રાજયની કોઈપણ સિવીલ કે રેવેન્યુ કોર્ટમા, કોઈ પણ કેસ પેન્ડીંગ હોય તો તેમણે આ નોટીશ પ્રસિદ્ધ થયે દિન-૭ માં લેખિત વાંધા, દસ્તાવેજી પુરાવા સહિત હમોને રૂબરૂ મળવું, મુદત વિત્યેથી કોઈના કોઈપણ પ્રકારના હકક, હિત કે હિસ્સો, લાગભાગ, દર-દાવો, કોર્ટ કેસ યા ઈઝમેન્ટ, ખોરાકી કે ભરણપોષણ વિગેરેના હકક નથી અને હોય તો છોડી દીધેલ છે એવુ માની મજકુર જમીનનું ટાઈટલ કલીયરન્સનું સર્ટીફિકેટ આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈ પણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી તેની જાહેર જનતાએ નોંધ લેવી. તા.૦૩/૦૪/૨૦૨૪

ઓફીસ : ૩૧૧, નિર્વાણા શોપર્સ, દાંડી રોડ, ડી-માર્ટની સામે, જહાંગીરાબાદ, સુરત.
રહે. મુ.ભેંસાણ, તા.ચોર્યાસી, જી.સુરત.
મો. ૯૯૨૫૧-૪૧૭૯૨

મારી મારફત
**શૈલેષ એમ. પટેલ**
એડવોકેટ



ગુજરાતમિત્ર
ગતિવિધિ
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમો 'ગુજરાતમિત્ર' વડોદરા પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર, પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
સરનામુ :- 28/29, બીજો માળ, હિરાવંતી ચેમ્બર્સ, આર્યકન્યા મહાવિદ્યાલય સામે, કારેલીબાગ, વડોદરા. (ફોન : 0265-2462584)
આપ અમને ઈમેલ પણ કરી શકો છો gmbrdpressnote@gmail.com